તાપમાન
મહત્તમ : ૨૪.૮ ડીગ્રી
લઘુતમ : ૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૮ ટકા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૭ | ૧૮ જાન્યુઆરી, ૨૦૧૭, બુધવાર ; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સપા-કોંગ્રેસ વચ્ચે ગઠબંધન નિશ્ચિત

**આજે જાહેરાત થવાની સંભાવના : સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડાશે : વિધાનસભાની ચૂંટણીમાં બંને પાર્ટી સાથે મળીને લડવા માટેની તમામ વિધિ પુરી કરી ચુકી છે : માત્ર જાહેરાત બાકી : ગુલામ નબી આઝાદ**



નવી દિલ્હી, તા.૧૭

ઉત્તરપ્રદેશમાં રાજકીય ઘમસાણની સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે કે, સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન માટેનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. માત્ર ઔપચારિકતા બાકી રહી છે. આ ઔપચારિકતા કોઈપણ સમયે પૂર્ણ કરી લેવામાં આવશે. અખિલેશ યાદવના નેતૃત્વમાં સમાજવાદી પાર્ટીને ચૂંટણી પ્રતિક તરીકે સાયકલ મળી ગયા બાદ કોંગ્રેસ દ્વારા પણ અંતિમ વ્યૂહરચના પણ તૈયાર કરી લેવામાં આવી છે. આના ભાગરુપે આજે ગુલામ નબી આઝાદે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કરવામાં આવશે. મહાગઠબંધન અંગે તેઓ વાત કરવા માંગતા નથી પરંતુ ગઠબંધન ચોક્કસપણે કરવામાં આવશે. ગુલામ નબીએ આ મુજબની વાત કરીને સંકેત આપી દીધો છે કે, ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને લડશે. આઝાદે કહ્યું હતું કે, આગામી ૨૪-૩૬ કલાકમાં આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ગુલામ નબીએ કહ્યું છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## પિતા મુલાયમ સાથે લડાઈ ન હતી : અખિલેશ

**સંબંધો ક્યારે પણ વણસ્યા ન હતા : સાયકલ પ્રતિક તેમને મળશે તેવો આત્મવિશ્વાસ પણ હતો મુલાયમસિંહ હજુ પણ પાર્ટીના મુખ્ય ચહેરા તરીકે જ છે : અખિલેશ**

નવી દિલ્હી,તા. ૧૭

સમાજવાદી પાર્ટીમાં વર્ચસ્વની ચાલી રહેલી લડાઈમાં ચૂંટણી પ્રતિક સાયકલ મેળવી લીધા બાદ આજે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે કહ્યું હતું કે, તેમની તેમના પિતા સાથે કોઈપણ લડાઈ નથી. તેમણે કહ્યું હતું કે, તેમને સાયકલ ચૂંટણી પ્રતિક મળવાનો પૂર્ણ વિશ્વાસ હતો. કોંગ્રેસ સાથે ગઠબંધનના પ્રશ્ન ઉપર અખિલેશે કહ્યું હતું કે, હાલમાં વાતચીત ચાલી

● અનુસંધાન પાન-૭ પર



## એટીએમમાં રોજેરોજ ૭૦૦૦ કરોડ ઠલવાય છે

**૬૦ ટકા રોકડ ફરીથી સિસ્ટમમાં પરત ફરી : નવી નોટના આશરે નવ લાખ કરોડ રૂપિયા સિસ્ટમમાં**

નવી દિલ્હી,તા. ૧૭

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ હવે સ્થિતિ લગભગ સામાન્ય બની ચુકી છે પરંતુ હજુ પણ ઘણા બધા પડકારો રહેલા છે. માત્ર બે મહિનાની વિચારધારાથી લોકોની લાઈફમાં ઘણા બધા ફેરફાર થઈ ચુક્યા છે. એટીએમમાંથી પૈસા ઉપાડવાની મર્યાદા વધારીને ૧૦૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે. સરકારનું કહેવું છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલ-જમ્મુ કાશ્મીરમાં નવેસરથી હિમવર્ષા નોંધાઈ

**કાશ્મીરમાં એન્ટાર્કટીકા કરતા વધુ ઠંડી : લેહમાં માઇનસ ૧૩ : ગુલમર્ગ, પહેલગામ અને સિમલામાં બરફની ચાદર**

નવી દિલ્હી,તા. ૧૭

જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના જુદા જુદા ભાગોમાં ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા જારી રહી છે જેના પરિણામ સ્વરુપે એક બાજુ પ્રવાસીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે બીજી બાજુ તીવ્ર ઠંડીની લહેર પણ જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરના ખીણ અને લદ્દાખ પ્રદેશમાં પારો ખુબ નીચે પહોંચી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ...નહીં તો અનામત આંચકી લઈશું : હાર્દિક




**હિંમતનગરમાં હાર્દિક પટેલની વિશાળ હૂંકાર સભા : જીએમડીસી ગ્રાઉન્ડમાં ફરી ભેગા કરવા માટેનું સૂચન : પાટીદાર સમુદાયના લોકોને સંપૂર્ણ ન્યાય મળે તે હેતુ છે**

હિંમતનગર,તા. ૧૭

૧૮૦ દિવસ સુધી ગુજરાત બહાર રહ્યા બાદ ગુજરાતમાં ફરી એન્ટ્રી કર્યા બાદ પાટીદાર નેતા હાર્દિક પટેલે હિંમતનગરમાં સભા સંબોધી હતી. સભાને સંબોધતા હાર્દિકે કહ્યું હતું કે, અનામત તો લઈને જ માનીશું. જો નહીં મળે તો આંચકી લેવામાં આવશે. હાર્દિકે કહ્યું હતું કે, અમને કોઈ સમાજ સામે વાંધો નથી. એસસી, એસટી, ઓબીસી અથવા તો અન્ય કોઈપણ જાતિનો અમે વિરોધ કરતા નથી. હાર્દિકે ફરીથી જીએમડીસી ગ્રાઉન્ડમાં કાર્યક્રમ યોજવા માટે પણ તૈયારી દર્શાવી હતી. હાર્દિકના સંબોધન પહેલા રેશ્મા પટેલે પણ સભાને સંબોધી હતી

● અનુસંધાન પાન-૭ પર


શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર
આયોજીત
દ્વિતીય સમુહ લગ્ન અને સમુહ યજ્ઞોપવિત સમારોહ
તારીખ :- ૨૩-૦૪-૨૦૧૭, રવિવાર
સ્થળ :- બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોર્મ મેળવવાનું સ્થળ :- બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ :- ૨૩-૦૨-૨૦૧૭
કાર્યક્રમની રૂપરેખા
-: તારીખ : ૨૧-૦૪-૨૦૧૭ :-
રાત્રે ૮ કલાકે મહેંદીની વિધી (સંગીત સંધ્યા સાથે)
-: તારીખ : ૨૨-૦૪-૨૦૧૭ :-
રાત્રે ૮ કલાકે મ્યુઝિકલ પાર્ટી સાથે રાસ ગરબા અને અલ્પ આહાર
-: તારીખ : ૨૩-૦૪-૨૦૧૭ :-
સવારે ૭ કલાકે યજ્ઞોપવિત વિધિ (કાશી યાત્રા સાથે)
અને સાંજે ૫ કલાકે લગ્ન વિધિ (લગ્ન ગીતો સાથે)
(બેન્ડ વાજા સાથે વરઘોડો) તથા ભોજન કાર્યક્રમ
પિનાકીન રાવલ
(પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર)
નરેન્દ્ર વ્યાસ ચેતન રાવલ નરેશ દવે
૯૮૯૮૦ ૩૨૬૫૯, ૯૮૨૧૩ ૩૮૯૭૨, ૯૮૨૪૮ ૫૧૦૩૯


## ગાંધીના ફોટા અંગે કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટ આદેશ

**ગાંધીની સાથે જોડાયેલી કોઈ પણ ચીજોનો ઉપયોગ જાહેર શૌચાલય અને અન્યત્ર ન કરવા માટે સંબંધિતોને આદેશ**

નવી દિલ્હી,તા. ૧૭

કેન્દ્ર સરકારે તમામ રાજય સરકારોને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ફોટાને લઈને આદેશ જારી કરી દીધા છે. હાલમાં ભારે હોબાળો થયા બાદ આ આદેશ જારી કરવામાં આવ્યા છે. આદેશમાં કહેવામાં આવ્યુ છે કે ગાંધીના સ્કેચ, ફોટો, અથવા તો લોગો તેમજ તેમની સાથે જોડાયેલી અન્ય કોઈ પણ ચીજનો ઉપયોગ જાહેર શૌચાલય અને અન્યત્ર ન કરવામાં આવે. આ આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ગાંધીજી સાથે જોડાયેલા વસ્તુઓમાં ચશ્મા, ચરખા અને ઘડિયાળનો સમાવેશ થાય છે.

હાલમાં પાણી અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા તમામ સ્વચ્છતા ઈન્ચાર્જ માટે આદેશ જારી કરવામાં આવ્યા હતા. તેના કહેવા મુજબ આ પગલા લેવા માટે કેટલાક કારણો રહેલા છે. કારણ કે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ પ્રોગ્રામને લાગુ કરી વેળા કોઈની ભાવનાને નુકસાન ન થાય મંત્રાલય દ્વારા સંબંધિત વિભાગ પ્રમુખોને આ જ દિશાનિર્દેશ તમામ જિલ્લા અને અન્ય સંબંધિત અધિકારીઓને આપી દેવા માટે કહ્યુ છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શ્રી ખોડલધામ
સમસ્ત લેઉવા પટેલ સમાજનાં આત્મ ગૌરવનું પ્રતિક
સમસ્ત લેઉવા પટેલ સમાજને
જાહેર આમંત્રણ
માઁ ખોડલના પોંખણા કરવા
આપ સૌને સહપરિવાર ઉપસ્થિત રહેવા
શ્રી ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સ્નેહભર્યું નોતરૂં
ભક્તિ દ્વારા એકતાની શક્તિ
ચાલો એક બનીએ, એકમેકના બનીએ.
પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
આવો... ઐતિહાસિક ઘડીના સાક્ષી બનીએ...
૧૦૦૮ કૂંડનો હવન
તારીખ : ૨૧-૧-૨૦૧૭, શનિવાર
ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજ
જે.એસ.પટેલ પ્રમુખશ્રી | હિતેન્દ્ર પટેલ મહામંત્રી | પિયુષ પટેલ ખજાનચી | ઉરેન પટેલ મહામંત્રી
રૂદ્રાક્ષ હોસ્પિટલ
મલ્ટીસ્પેશ્યાલીટી અને ૨૪ કલાક અકસ્માત સારવાર કેન્દ્ર
પાટીયા, નરોડા, અમદાવાદ. ફોન.નં : ૦૭૯-૨૨૮૪૧૭૧૭/૧૮૧૮, ફેકસ :- ૦૭૯-૨૨૮૪૧૯૧૯